# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
## યુનિવર્સિટી કેમ્પસ ઉધના–મગદલ્લા રોડ,
## સુરત– ૭

**સિન્ડિકેટની સામાન્ય સભા**

તા ૧૪–૮–૨૦૦૩

**ખાનગી**

**ફકત સભ્યોની જાણ માટે**

## : કાર્યવાહી :

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરુવાર, તા. ૧૪–૮–૨૦૦૩ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે યુનિવર્સિટી ના કમિટિરૂમમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિયજસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા. | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |

(૧) સિન્ડિકેટ, તા.૧૯–૬–૨૦૦૩ ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

:: સિન્ડિકેટની તા.૧૯–૬–૨૦૦૩ની સામાન્ય સભાની કાર્યવાહી યથાવત મંજૂર કરવામાં આવી હતી અને અધ્યક્ષશ્રીએ સહી કરી હતી.

(૨) સિન્ડિકેટ, તા.૧૯–૭–૨૦૦૩ ની તાકીદની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

:: સિન્ડિકેટની તા.૧૯–૭–૨૦૦૩ની તાકીદની સભાની કાર્યવાહી યથાવત મંજૂર કરવામાં આવી હતી અને અધ્યશ્રીએ સહી કરી હતી.

(૩) સને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષના વાર્ષિક અહેવાલનો ખરડો તૈયાર કરવા માટે "વાર્ષિક અહેવાલ સમિતિ"ની નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૨–૦૩ વર્ષનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા નીચે મુજબના સભ્યોની સમિતિમાં નિમણૂંક કરવી:

| | |
|---|---|
| ૧. ડૉ. કિશોરસિંહ વિજયસિંહ દેસાઇ–(કન્વીનર) | ૨. આ.જી.પી.સનાઢયા |
| ૩. શ્રી નૈષધ દેસાઇ–સિન્ડિકેટ સભ્ય. | ૪. ર્ડા.એ.કે.દેસાઇ |
| ૫. ડૉ.એમ.એચ.પરબીયા | ૬. ર્ડા.ભરતભાઇ નાયક |
| ૭. આ.કે.આર.કાપડીયા | ૮. આ.એચ.કે.નાયક |
| ૯. પ્રા.જાગૃતિ કે. પટેલ | ૧૦.પ્રા.વિપુલભાઇ સોમાણી |
| ૧૧. પ્રો.વિનોદભાઇ પટેલ | ૧૨.શ્રી નિતીનભાઇ પટેલ |
| ૧૩. ડૉ.આર.ડી.પટેલ – મેડીકલ કોલેજ | ૧૪.શ્રીમતી તૃપ્તીબેન અલમોરા–ભરૂચ |

(૪) નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવા તા.વાલિયાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩થી બી.આર.એસ. અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઇ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડમિક કાઉન્સિલે તેની તા.૧૦–૪–૨૦૦૩ના રોજ મળેલ સભામાં વિચારણા કરી સિન્ડિકેટને કરેલ ભાલમણ પર સિન્ડિકેટે તેની તા.૧૭/૧૯/૨૧/૨૩–૪–૨૦૦૩ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક:(૪૨) અન્વયે, વિચારણા કરી એકેડમિક કાઉન્સિલની ભલામણમાં જણાવેલ શરતો 'રીક્રેમ' કરવી અને પ્રસ્તુત કોલેજને ૧ (એક) માસમાં શરતોનું પાલન કરવા જણાવવું અને એક માસ બાદ વેરીફિકેશન કમિટિ કોલેજની મુલાકાત લઇ શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની તપાસ કરી અહેવાલ રજૂ કરવા માટે વેરીફિકેશન કમિટિના સભ્યોએ સ્થળ પર ચકાસણી કરી યુનિવર્સિટીને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવા તા.વાલિયાનું શૈ.વ.૨૦૦૨–૦૩ થી બી.આર.એસ.અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીમાં સિન્ડિકેટે નિયુકિત કરેલી ચકાસણીસમિતિનો અહેવાલ સ્વીકારવો અને ત્રણ વર્ષ માટે એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૫ સુધીનું જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.

(૫) કોમ્પ્યુટર શિક્ષણ માટે બી.સી.એ. ના વ્યાખ્યાતાની લાયકાતમાં બી.ઈ. કોમ્પ્યુટરને માન્ય ગણવા બાબતમાં સિન્ડિકેટે પ્રસ્તુત નિમણૂકમાં કોલેજોને પડતી મુશ્કેલઓ અંગે કરેલા પ્રયત્નોની માહિતી સંબંધકર્તા કોલેજો પાસેથી મંગાવવાના કરેલ ઠરાવની સંદર્ભમાં કોલેજો પાસેથી પ્રાપ્ત થયેલ માહિતનીને આધારે યોગ્ય નિર્ણય કરવા અંગે વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યૂટર શિક્ષણ માટે બી.સી.એ.ના વ્યાખ્યાતાની લાયકાતમાં બી.ઈ.કોમ્પ્યૂટરને માન્ય ગણવા અંગેની સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખા સમક્ષ રજૂ કરવી.

(૬) ડિપ્લોમા હોમિયોપેથિક કોલેજના શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓએ પોતાનો સમાવેશ B.H.M.S. ડિગ્રી અભ્યાસક્રમમાં કરવા અંગે હાઈકોર્ટમાં કરેલ રીટ અરજીના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદા પર ચર્ચા–વિચારણા કરી અહેવાલ તૈયાર કરવા બાબતમાં સિન્ડિકેટે નિયુકત કરેલ સમિતિના યુનિવર્સિટીને મળેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, આ અંગે સિન્ડિકેટે નિયુકત કરેલી સમિતિનો અહેવાલ સ્વીકારવો. તથા ભવિષ્યમાં જયારે આ કોલેજના એફીલીએશનની બાબત ચર્ચામાં લેવામાં આવે ત્યારે આ અહેવાલને ધ્યાનમાં લેવો.

વધુમાં, પક્ષકારોની રજૂઆત ધ્યાનમાં લઈ ઠરાવવામાં આવે છે કે, ડીગ્રી કોલેજે એફીલીએશનની અરજી કરતી વખતે ડીપ્લોમાં કોલેજના જે ૧૯ શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓને ડિગ્રી કોલેજમાં સમાવેશ કરવાની યાદી આપી હતી તે તમામ કર્મચારીઓને યુનિવર્સિટીના ધારા–ધોરણો પ્રમાણે લાયકાત અનુસાર યથાયોગ્ય જગ્યાએ સમાવીને યુનિવર્સિટીને તાત્કાલિક જાણ કરવા આદેશ આપવામાં આવે છે.

(૭) બી.એસસી.નર્સિંગનો ચાર વર્ષનાં અભ્યાસક્રમમાં સ્ટેટયુટ–૧૦૬, ૧૨૦,૨૨૯ માં (નર્સિંગ) ને અનુરૂપ ફેરફારો કરવા તેમજ આમેજ કરવા અંગે એકેડમિક કાઉન્સિલે તેની તા. ૨૦–૫–૨૦૦૩ની સભાના ઠરાવ ક્રમાંક:(૨૪) અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. **(એકેડેમિક)**

**<u>Statute-120</u>**

(6) Faculty of Medicine

49 (B) Nursing

**<u>Statute-106</u>**

(7) Faculty of Medicine

Jarahiyat

Nursing

**Statute-229**

(6) Faculty of Medicine

20 Bachlor of Science (Nursing).............. B.Sc. (Nursing)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટયૂટ–૧૦૬, ૧૨૦ અને ૨૨૯માં પરિશિષ્ટ–'ક'માં જણાવ્યા પ્રમાણેના સુધારા વધારા કરવા અંગેની બી.એસસી. (નર્સિંગ)ને એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તદ્અનુસાર કાર્યાલયએ આગળની કાર્યવાહી કરવી.

**(પરિશિષ્ટ–'ક')**

(૮) અન્ય યુનિવર્સિટી / બોર્ડની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ હ.ગુ.યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં વધુ અભ્યાસ કરવા પ્રવેશ માટે નિયમ પ્રમાણે એલીજીબીલીટી સર્ટીફીકેટ કઢાવે છે. એલીજીબીલીટી સર્ટિફીકેટની અંદર જે કોલેજમાં પ્રવેશ લેવાનો હોઈ તે કોલેજનું નામ પણ લખવામાં આવે છે. જો એલીજીબીલીટી સર્ટીફિકેટમાં જણાવેલ કોલેજમાં પ્રવેશ નહી મળે તો પ્રવર્તમાન નિયમોને આધારે વિદ્યાર્થીએ નવું એલીજીબીલીટી સર્ટીફિકેટ લેવુ પડે છે. પ્રવેશ અંગે વધુ ધસારો થાય ત્યારે એક જ વિદ્યાર્થીએ જુદી જુદી કોલેજોમાં પ્રવેશ માટે બે થી ત્રણ સર્ટીફિકેટો લેવા પડે છે. વિદ્યાર્થીને જે તે વર્ગમાં પ્રવેશ મેળવવા એલીજીબીલીટી પ્રમાણપત્ર આપવામાં આવે છે. આથી જો Provisional Eligibility Certificate માં જણાવેલ કોલેજમાં પ્રવેશ નહી મળે તો તે જ પ્રમાણપત્રમાં કોલેજનું નામ સુધારી આપવા અંગે વિચારણા કરવા બાબત. **(શૈક્ષણિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અન્ય યુનિવર્સિટી/બોર્ડની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ ધ્વારા આ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં વધુ અભ્યાસ અંગે પ્રવેશ માટે એલીજીબીલીટી સર્ટીફીકેટ લેવામાં આવે છે અને સદરહુ એલીજીબીલીટી સર્ટીફીકેટ આધારે દર્શાવેલ કોલેજમાં પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ સંજોગવસાત ફોર્મમાં દર્શાવેલ કોલેજમાં જો પ્રવેશ મળે નહીં તો તે જ પ્રમાણપત્રમાં અન્ય કોલેજનું નામ જરૂરી તકેદારી સાથે સુધારી આપવા કાર્યાલયને મંજૂરી આપવી.

(૯) એકેડેમિક કાઉન્સિલ પર ધારાની કલમ ૨૧(૧)(V) અન્વયે સિન્ડિકેટ સભ્યોમાંથી બે સભ્યોની નિયુક્તિ કરવા બાબત. **(શૈક્ષણિક)**

:: ઉપરોક્ત બાબત વિચારણામાંથી પાછી ખેંચી છે.

(૧૦) પ્રથમ એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમમાં ચારથી વધુ તકની જોગવાઈ દૂર કરવા સરકારશ્રીના નિર્ણયના સંદર્ભમાં સિન્ડિકેટ તેની તા.૨૫–૧–૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:(૨૮) અન્વયે નીચે જણાવ્યા મુજબનો સુધારા–વધારા કરેલ આનુષાંગિક ઓર્ડિનન્સ–૨૬૧ ની નકલ શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરને મોકલી આપી હતી. પ્રસ્તુત બાબત અંગે સેકશન અધિકારી શિક્ષણ વિભાગ સચિવાલય

ગાંધીનગરના જણાવ્યા પ્રમાણે પરીક્ષાની ચારથી વધુ તક આપવાની સત્તા મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને જ છે.' આ સંજોગોમાં ઓર્ડિનન્સ–૨૬૧ માં તે સબંધી જરૂરી સુધારો કરવા અંગે આવેલ તેમના તા.૧૭–૫–૨૦૦૩ ના પત્રાંક:પરચ/૧૦૯૭/યુઓ–૨૨/ખ–૧ ના પત્ર પર વિચારણા કરવા બાબત. **(શૈક્ષણિક)**

**Ord. 261 :**

"Failure to pass the examination will not debar candidates from appearing at any subsequent examination on the submission of a new application, the payment of a fresh fee and the production of certificates showing that they have during the interval between the declaration of their failure and subsequent reappearance at the examination, pursued a further course of study in the subjects of the examination to the satisfaction of the Head of the concerned Medical college and Dean of the faculty of Medicine of medical college recognised by the university, provided, however, a candidate shall be required to pass the First M.B.B.S. EXAMINATION WITH MAXIMUM FOUR ATTEMPS & TIRALS ADMISSIOBLE TO HIM/ HER. However, under exceptional circumstances and subject to the approval of the Vice-Chancellor, permission, on mercy base, for one additional attempt/ trial may be granted provided that such a request of a candidate is submitied through and recommended by the Head of the concerned Medical college and Dean of the faculty of Medicine of the Medical college explaining reasons threof,

(N.B. : It is further clarified that an attempt means candidate's actual appearance at an examination and that the four such attemps should have been within a period of three years.)

Candidates shall be deemed failed to pass an examination under the above clause if their names have been submitted by the Head of the concerned Medical college and Dean of the Faculty of Medicine of their college for inclusion in the list of candidates appearing for the examination, and if the candidates have failed to pass the examination because they did not attend the minimum standards of passing prescribed for the exam./subject.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત અંગે શિક્ષણ વિભાગના જણાવ્યા પ્રમાણે એમ.સી.આઈ.ની પરવ્યૂમાં આવતી હોય ઓર્ડિનન્સ–૨૬૧માં તે સંબંધી જરૂરી સુધારો કરવા અંગેના સરકારશ્રીના તા.૧૭–૫–૨૦૦૩ના પત્રાંક:પરચ/૧૦૯૭/યુ.ઓ–૨૨/ખ–૧ની નોંધ લેવી અને ઓર્ડિનન્સ–૨૬૧ની હાલની જોગવાઈ યથાવત ચાલુ રાખવી.

(૧૧) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪નું પ્રથમ સત્ર તા.૨–૭–૨૦૦૩ થી શરૂ થઈ ગયું હોવાથી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને શિક્ષણ વિદ્યાશાખા હેઠળ આવતી સંલગ્ન કોલેજો તથા માન્ય સંસ્થાઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ની સત્રવ્યવસ્થા નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત. **(શૈક્ષણિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને શિક્ષણ વિદ્યાશાખા હેઠળ આવતી સંલગ્ન કોલેજો માન્ય સંસ્થાઓ તથા અનુસ્નાતક ભવનનો માટેનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ની સત્ર વ્યવસ્થા સામેલ પરિશિષ્ટ–'ખ' મુજબ રાખવી અને તદ્અનુસાર કાર્યાલયે ઘટતાં પગલાં લેવા.

**પરિશિષ્ટ–'ખ'**

(૧૨) તબીબી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટેની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટેની નીચે પ્રમાણેની સૂચિત સત્ર વ્યવસ્થા ડીનશ્રી, સરકરી તબીબી મહાવિદ્યાલય, સુરતે તેમના તા.૯–૭–૨૦૦૩ નાં પત્રથી મોકલી છે જે અંગે વિચારણા કરવા બાબત. **(શૈક્ષણિક)**

**<u>શૈક્ષણિ વર્ષ સને ૨૦૦૩–૨૦૦૪ ની સત્ર વ્યવસ્થા.</u>**

પ્રથમ સત્ર શરૂ થયાની તારીખ : ૧૯–૬–૨૦૦૩ (ગુરુવાર)

પ્રથમ સત્ર પૂર્ણ થયાની તારીખ : ૧૬–૧૦–૨૦૦૩ (ગુરુવાર)

**–: દિ વા ળી વે ે શ ન :–**

પ્રથમ અર્ધભાગ :– ૧૭–૧૦–૦૩ (શુક્રવાર) થી ૩૧–૧૦–૦૩ (શુક્રવાર)

કામકાજનો દિવસ :– ૧–૧૧–૦૩ (શનિવાર)

ધ્વિત્ય અર્ધભાગ :– ૨–૧૧–૦૩ (રવિવાર) થી ૧૬–૧૧–૦૩ (રવિવાર)

ધ્વિત્ય સત્ર શરૂ થયાની તારીખ :– ૧૭–૧૧–૦૩ (સોમવાર)

ધ્વિત્ય સત્ર પુરુ થયાની તારીખ :– ૧૮–૪–૦૪ (રવિવાર)

**–: ઉ ના ળુ વે ે શ ન :–**

પ્રથમ અર્ધભાગ :– ૧૯–૪–૦૪ (સોમવાર) થી ૧૮–૦૫–૦૪ (મંગળવાર)

કામકાજનો સમય (દિવસ) ૧૯–૫–૦૪ (બુધવાર)

ધ્વિત્ય અર્ધભાગ :– ૨૦–૫–૦૪ (ગુરુવાર) થી ૨૦–૬–૦૪ (રવિવાર)

સને ૨૦૦૩–૨૦૦૪ નું શૈક્ષણિક વર્ષનું પ્રથમ સત્ર શરૂ થવાની તારીખ ૨૧–૬–૨૦૦૪ (સોમવાર)

:: આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ની સત્ર વ્યવસ્થા નીચે મુજબ મંજૂર રાખવી અને તદ્અનુસાર કાર્યાલયે ઘટતાં પગલાં લેવા.

**<u>શૈક્ષણિ  વર્ષ સને ૨૦૦૩–૨૦૦૪ ની સત્ર વ્યવસ્થા.</u>**

પ્રથમ સત્ર શરૂ થયાની તારીખ : ૧૯–૬–૨૦૦૩ (ગુરુવાર)

પ્રથમ સત્ર પૂર્ણ થયાની તારીખ : ૧૬–૧૦–૨૦૦૩ (ગુરુવાર)

**<u>–: દિ વા ળી વે ે શ ન :–</u>**

પ્રથમ અર્ધભાગ :– ૧૭–૧૦–૦૩ (શુક્રવાર) થી ૩૧–૧૦–૦૩ (શુક્રવાર)

કામકાજનો દિવસ :– ૧–૧૧–૦૩ (શનિવાર)

ધ્વિત્ય અર્ધભાગ :– ૨–૧૧–૦૩ (રવિવાર) થી ૧૬–૧૧–૦૩ (રવિવાર)

ધ્વિત્ય સત્ર શરૂ થયાની તારીખ :– ૧૭–૧૧–૦૩ (સોમવાર)

ધ્વિત્ય સત્ર પુરુ થયાની તારીખ :– ૧૮–૪–૦૪ (રવિવાર)

**<u>–: ઉ ના ળુ વે ે શ ન :–</u>**

પ્રથમ અર્ધભાગ :– ૧૯–૪–૦૪ (સોમવાર) થી ૧૮–૦૫–૦૪ (મંગળવાર)

કામકાજનો સમય (દિવસ) ૧૯–૫–૦૪ (બુધવાર)

ધ્વિત્ય અર્ધભાગ :– ૨૦–૫–૦૪ (ગુરુવાર) થી ૨૦–૬–૦૪ (રવિવાર)

સને ૨૦૦૩–૨૦૦૪ નું શૈક્ષણિક વર્ષનું પ્રથમ સત્ર શરૂ થવાની તારીખ ૨૧–૬–૨૦૦૪ (સોમવાર

(૧૩) ઈર્જનેરી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોના બી.ઈ.૨ થી બી.ઈ.૪ (બધી બ્રાંચો) અને બી.આર્ક ૨થી બી.આર્ક ૫મું વર્ષ 'ઓડ' સેમીસ્ટરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ની સૂચિત સત્ર વ્યવસ્થા સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજીના આચાર્યશ્રીએ નીચે પ્રમાણે મોકલી છે. જે પર વિચારણા કરવા બાબત. **(શૈક્ષણિક)**

## PROPOSED TERM SCHEDULE
## FOR
## B.E. II TO B.E. IV YEAR (ALL BRANCHES) & B.ARCH-II TO B.ARCH-V YEAR ODD SEMESTER FOR THE ACADEMIC YEAR 2003-04
## ODD SEM. (2003-04)

| | | |
|---|---|---|
| 1. | OPENING OF ODD SEM. | 14-7-2003 |
| 2. | TEACHING (14 WEEKS) | 14-7-2003 TO 18-10-2003 |
| 3. | DIWALI VACATION + PERPARATION FOR EXAMINATION (1+2=3 WEEKS ) (for students) | 20-10-2003 TO 08-11-2003 |
| 4. | THEORY EXAMINATION FOR REGULAR STUDENTS SEM 3-5-7-9- (2 WEEKS) | 10-11-2003 TO 22-11-2003 |
| 5. | PRACTICAL EXAMINATION (REG./EX/ATKT)(2WEEKS) | 24-11-2003 TO 06-12-2003 |
| 6. | THEORY EXAMINATION EX/ATKT SEM. 4-6-8-10 (1 WEEK) | 08-12-2003 TO 13-12-2003 |
| 7. | VACATION FOR STUDENTS (2 WEEKS) | 15-12-2003 TO 27-12-2003 |
| 8. | VACATION FOR FACULTY MEMGERS<br>(3 WEEKS)<br>(2 WEEKS) | <br>20-10-2003 TO 08-11-2003<br>15-12-2003 TO 27-12-2003 |
| 9. | OPENING OF EVEN SEMESTER | 29-12-2003 |

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈજનેરી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોના બી.ઈ.–૨ થી બી.ઈ.–૪ (તમામ બ્રાંચો) અને બી.આર્ક–૨ થી બી.આર્ક– ૫મું વર્ષ ઓડ સેમીસ્ટરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ની સત્ર વ્યવસ્થા નીચે મુજબ રાખવી અને તદ્અનુસાર કાર્યાલયે ઘટતાં પગલાં લેવા.

## B.E.II TO B.E. IV YEAR (ALL BRANCHES) & B.ARCH-II TO B.ARCH-V

## YEAR ODD SEMESTER FOR THE ACADEMIC YEAR 2003-04
## ODD SEM. (2003-04)

| | | |
|---|---|---|
| 1. | OPENING OF ODD SEM. | 14-7-2003 |
| 2. | TEACHING (14 WEEKS) | 14-7-2003 TO 18-10-2003 |
| 3. | DIWALI VACATION + PERPARATION FOR EXAMINATION (1+2=3 WEEKS ) (for students) | 20-10-2003 TO 08-11-2003 |
| 4. | THEORY EXAMINATION FOR REGULAR STUDENTS SEM 3-5-7-9- (2 WEEKS) | 10-11-2003 TO 22-11-2003 |
| 5. | PRACTICAL EXAMINATION (REG./EX/ATKT)(2WEEKS) | 24-11-2003 TO 06-12-2003 |
| 6. | THEORY EXAMINATION EX/ATKT SEM. 4-6-8-10 (1 WEEK) | 08-12-2003 TO 13-12-2003 |
| 7. | VACATION FOR STUDENTS (2 WEEKS) | 15-12-2003 TO 27-12-2003 |
| 8. | VACATION FOR FACULTY MEMGERS<br>(3 WEEKS)<br>(2 WEEKS) | <br>20-10-2003 TO 08-11-2003<br>15-12-2003 TO 27-12-2003 |
| 9. | OPENING OF EVEN SEMESTER | 29-12-2003 |

(૧૪) સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓની ફી રીફંડ તથા હાયર ફીમાંથી લોઅર ફીમાં તબદીલ કરવાના નિયમોમાં સુધારા વધારા કરવા માટે કાર્યકારી નિયામકશ્રી એમ.એસસી.(આઇ.ટી) પ્રોગ્રામના તા.૫–૯–૦૨નાં પત્ર પર વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

:: ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચી લેવામાં આવી છે.

(૧૫) સ્ટેટયુટ–૧૩૪(a)(6) ની જોગવાઇ અન્વયે સિન્ડિકેટ સભ્યો પૈકી એક સભ્યની અનુસ્નાતક શિક્ષણ મંડળ (BUT) પર નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

સ્ટેચ્યુટ 134(a)(6):–

“One member nominated by the Syndicate from among its members”

:: ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચી લેવામાં આવી છે.

(૧૬) સ્ટેટયુટ–૧૩૪(a)(7) ની જોગવાઇ અન્વયે બે પ્રોફેસર ઇનચાર્જની અનુસ્નાતક શિક્ષણ મંડળ (BUT) પર નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

સ્ટેચ્યુટ 134(a)(7):–

“Two Professors in charge of Post – Graduate Centers, nominated by the Syndicate”

:: ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચી લેવામાં આવી છે.

(૧૭) સને ૨૦૦૩–૨૦૦૪ નાં શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગે નીચે મુજબના સભ્યોની સમિતિમાં નિમણૂંક કરવી:

| | | | |
|---|---|---|---|
| ૧. | આ.જી.પી.સનાઢ્ય | ૨. | ડૉ.પી.કે.હીરાધર |
| ૩. | ડૉ.અપૂર્વ એ.દેસાઇ | ૪ | આ.જે.એમ.નાયક |
| ૫. | આ.ડૉ.યુ.ટી.દેસાઇ | ૬. | આ.એન.બી.મહિડા |
| ૭. | ડૉ.એસ.બી.દરજી | ૮. | પ્રા.બી.જી.પંચાસરા |
| ૯. | આ.જી.જે.પરમાર | | |

(૧૮) સને ૨૦૦૩–૨૦૦૪ નાં શૈક્ષણિક વર્ષ માટે પી.એચ.ડી. અને એમ.ફીલ. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ માટે પીએચ.ડી. અને એમ.ફીલ માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગે નીચે મુજબના સભ્યોની સમિતિમાં નિમણૂંક કરવી:

(૧) ડૉ.મહેન્દ્ર ચૌહાણ (સિન્ડિકેટ સભ્ય)
(૨) ડૉ.વિક્રમ બી.દેસાઈ
(૩) ડૉ.શશીકાંત શાહ
(૪) ડૉ.પી.એચ.ભાઠાવાલા
(૫) ડૉ.એ.એસ.ચારણ
(૬) ડૉ.કે.સી.પટેલ
(૭) ડૉ.ભાસ્કર એમ.રાવલ

(૧૯) આંકડાશાસ્ત્ર વિભાગનાં પ્રોફેસર અને વડા ર્ડા.એસ.એસ.શર્મા ૬૨ વર્ષની ઉમરે વયમર્યાદાને કારણે, આગામી તા.૨૯–૮–૨૦૦૪ ના રોજ પૂરી થતાં તેઓશ્રી તે દિવસે નિવૃત થનાર છે. આ સંજોગોમાં ર્ડા.શર્માએ કૌટુંબિક અને અન્ય કારણોસર તેમની નિવૃત પહેલાં એટલે કે, તા.૧–૧૦–૨૦૦૩ થી તા.૨૯–૮–૨૦૦૪ = ૩૩૩ દિવસ સુધી અર્ધપગારી રજા મંજૂર કરવા અંગે વિનંતી કરવા તેમના તા.૧૬–૬–૨૦૦૩નાં આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, આંકડાશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને વડા ડૉ.એસ.અસ.શર્મા વયમર્યાદાને કારણે તા.૩૧–૧૦–૨૦૦૪ના રોજ નિવૃત થનાર છે. તે અનુસંધાનમાં ડૉ.શર્માનાં કૌટુંબિક અને અન્ય કારણોસર અર્ધપગારી રજા મંજૂર કરવા માટેના પત્રને વિચારણામાં લઈ તેઓની તારીખ ૧–૧૦–૨૦૦૩થી તા.૩૦–૧૦–૨૦૦૪ સુધીની અર્ધપગારી રજા મંજૂર કરવી.

(૨૦) ગુજરાત વિદ્યાપીઠ યુનિવર્સિટીમાં નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગને પ્રૌઢશિક્ષણ માટે મળેલી ૧૦ હજાર કીટ પૈકી ૫૦૦ કીટ વપરાશમાં લેવાયા બાદ બાકીની કીટો કોઈપણ અધિકાર મંડળ કે સક્ષમ અધિકારીની મંજૂરી લીધા વિના ર્ડા.અનસૂયાબેન શેઠે તેને પસ્તીમાં કરેલ નિકાલ સંદભમાં તેની સામે ખાતાકીય તપાસ શરૂ કરવા સિન્ડિકેટે તા.૧૮–૫–૧૯૯૬ના ઠરાવ ક્રમાંક:૫ અન્વયે કુલપતિશ્રીને આપવામાં આવેલ સત્તાની રૂએ કુલપતિશ્રીએ નિમેલ તપાસસમિતિએ તા.૧૪–૩–૨૦૦૨નાં પત્રાંક:ઈકો/ખા.ત./૧૬૮૮/૦૨થી રિપોર્ટ સુપ્રત કરતા સદર રિપોર્ટ પર સિન્ડિકેટે તેની તા.૧૪–૬–૨૦૦૨ બાબત ક્રમાંક:૩૨થી પ્રસ્તુત બાબત અંગે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવતાં માનનીય કુલપતિશ્રીને તપાસ સમિતિએ કરેલ રિપોર્ટના સંદર્ભમાં વિચારણા કરવા રચવામાં આવેલ તપાસસમિતિએ તા.૪–૧–૨૦૦૩ના પત્રથી રજૂ કરેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૧) યુનિવર્સિટીનાં જીવવિજ્ઞાનનાં અનુસ્નાતક વિભાગનાં પ્રો.એન્ડ હેડ, ડો.પી.કે.હીરાધરના તા.૧૧–૭–૨૦૦૩ના પત્રમાં નિર્દેશ કર્યાનુસાર તેમના વિભાગમાં નિવૃત્તિ અને રાજીનામાને કારણે ખાલીપડેલી શૈક્ષણિક જગાઓને કારણે કાર્યભાર પૂરો કરવામાં મુશ્કેલી નડતી હોય છે. યુ.જી.સી. ધ્વારા સૂચવાયેલી સ્કીમ પ્રમાણે મુલાકાતી અધ્યાપક(ગેસ્ટ ફેકલ્ટી/ગેસ્ટ લેકચરર) ની નિમણૂક એક કલાકનાં લેકચરર દીઠ રૂા.૨૫૦/– મુજબ મહેંતાણું રૂા.૫૦૦૦/– ની મહત્તમ માસિક મર્યાદાથી એક શૈક્ષણિક વર્ષ માટે અથવા નિયમિત/કાયમી ધોરણે નિમણૂક થાય ત્યાં સુધી નિમણૂક કરવા અંગે તેમજ આ અંગે નિમણૂક કરવા માટે સિલેકશન કમિટિનું ધોરણ કુલપતિશ્રી/ઉપકુલપતિશ્રી, ડિન તથા વિભાગીય વડાના સભ્યોની બનેલી પસંદગી સમિતિ રાખવા અંગે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના જીવવિજ્ઞાનના અનુસ્નાતક વિભાગના પ્રોફેસર અને હેડ ડો.પી.કે.હીરાધરના તા.૧૧–૭–૦૩નાં પત્ર અન્વયે, યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોનાં નિવૃત્ત અને રાજીનામાને કારણે ખાલી પડેલ લેકચરર જગ્યાઓ ઉપર નિયમિત/કાયમી ધોરણે નિમણૂંક થાય ત્યાં સુધી અથવા એક શૈક્ષણિક વર્ષ માટે મુલાકાતી અધ્યાપક/ગેસ્ટ ફેકલ્ટી/ગેસ્ટ લેકચરરની એક કલાકના લેકચર દીઠ રૂા.૨૫૦/– મુજબ મહત્તમ માસિક મહેંતાણું રૂા.૫૦૦૦/–ની મર્યાદામાં યુ.જી.સી.ની શૈક્ષણિક લાયકાતના ધોરણો મુજબ નિમણૂંક કરવા માટે સ્થાનિક વર્તમાન પત્રોમાં જાહેરાત(ટચૂકડી) નીચે જણાવ્યા પ્રમાણેની આપવી અને કુલપતિશ્રી/ઉપકુલપતિશ્રી, ડીન, તથા વિભાગીય વડાની બનેલી સમિતિ ધ્વારા નિમણૂંક આપવી.

**<u>GUEST FACULTY/LECTURER</u>**

Applications are invited from qualified candidates as guest faculty/lecturer at the Dept. of ……………………………….. in subject of ………………… as per U.G.C. norms. Application be made with copies of relevant certificates to HEAD, Dept. of ……………………………….. South Gujarat University, Surat, within seven days.

(૨૨) યુ.જી.સી.ની Career Advancement Scheme હેઠળ Reader to Professor ના પ્રમોશન આપવાની કાર્યવાહી માટે યુ.જી.સી.ના પત્ર ક્રમાંક:No.F-3-3/2000(PS) તા.૨૧–૨–૨૦૦૨થી આ અંગે સુધારલી નોર્મ્સ મુજબ પ્રમોશન આપવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧. ઉમેદવારો ધ્વારા અરજી સાથે રજૂ કરવમાં આવેલ Research Publications ના ઈન્ટરવ્યૂ પહેલા evaluation / assessment કરવા ત્રણ નિષ્ણાતોની નિમણૂક કરવી.

૨. નિષ્ણાંતોની ભલામણ આવ્યા બાદ ઉપર જણાવેલ નિષ્ણાંતો સિવાય અન્ય નિષ્ણાંતોની ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત જે તે વિષયમાં પસંદગી સમિતિની રચના અંગે ત્રણ નિષ્ણાંતોનાં નામોનું સૂચન કરવા.

ઉપરાંત.

૩. યુ.જી.સી.ની Career Advancement Scheme હેઠળ લેકચરરમાંથી રિડર તરીકે નામાભિધાન( Designation) આપવા અંગે આવેલ ઉમેદવારોની અરજી સંદર્ભમાં જે તે વિષય પર ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત પસંદગી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

(૨૩) પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિના સભ્યોની સામેલ ઓર્ડિનન્સ –૧૨ અને યુજીસીની દશમી પંચવર્ષીય યોજનાની સામેલ ગાઈડ લાઈન મુજબ નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(બાંધકામ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

(૨૪) મે– ૨૦૦૩માં યુનિવર્સિટી ધ્વારા લેવામાં આવેલ એમ.એસ.સી. કેમેસ્ટ્રી ભાગ–૧નું પરિણામ તે વિષયના ચેરમેન ડૉ.કે.આર.દેસાઈ અને અન્ય પરીક્ષકો ધ્વારા નબળું હોવાનું જણાવી ઓર્ડિનન્સ–૮૭–બી સૂચનામાં જણાવેલ કરતાં વધુ માર્કસ એટલે કે પેપર દીઠ ૩ ગુણના બદલે ૬ ગુણનું ગ્રેસીંગ કરી પરિણામ જાહેર કરવા કાર્યાલયને સુપરત કરેલ હોય તે રીતે પ્રસિધ્ધ કરવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મે,૨૦૦૩માં યુનિવર્સિટી ધ્વારા લેવામાં આવેલ એમ.એસસી. કેમેસ્ટ્રી ભાગ–૧નું પરિણામ ઈન્સ્ટ્રકશન–૮૭–બી પ્રમાણે ગ્રેસીંગ સાથે જાહેર કરવું.

(૨૫) એપ્રિલ ૨૦૦૨માં થવા કેન્દ્રમાં લેવાયેલ ટી.વાય.બી.આર.એસ.ની પરીક્ષામાં માસકોપીંગ (Mass Coping) અંગેના રિપોર્ટમાં પરીક્ષા આચાર સમિતિએ તેની તા.૨૬–૩–૨૦૦૩ ની સભામાં થવા કોલેજ ના પ્રા.રાઠવા પાસે પ્રસ્તુત બાબતમાં ખુલાસો મંગાવી સિન્ડિકેટમાં મુકવા ઠરાવેલ છે. પ્રા.રાઠવાનાં તા.૨૭–૫–૨૦૦૩ નાં પત્રથી મોકલેલ ખુલાસા અંગે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૬) પરીક્ષા આચાર સમિતિની તા.૨૩–૭–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૭) પરીક્ષા આચાર સમિતિની તા.૨૯–૭–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૮) રસાયણશાસ્ત્ર વિભાગનાં પ્રો.બી.ટી.ઠાકર તથા ઘરડા કેમિકલ્સ લી., પાનોલીનાં પત્રનાં અનુસંધાન મુજબ ડો.બી.ટી.ઠાકર અને તેમના હાથ નીચે પી.એચ.ડી. સંશોધનકર્તા ઘરડા કેમિકલ્સ લી., પાનોલીના આર.એન્ડ.ડી.ના એકઝીકયુટીવ શ્રી મુકેશ જસાણીને નવો પોલીમરનું સંશોધન કયું છે જેમનું ભારતમાં પ્રો.બી.ટી.ઠાકર કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને ઘરડા કેમીકલ્સ લી., પાનોલીનાં સંયુકત નામે પેટન્ટ લેવા માંગે છે. આ અંગેનો સંપૂર્ણ ખર્ચ ઘરડા કેમીકલ્સ, પાનોલી ભોગવશે.

પ્રસ્તુત પેટન્ટ ડો.બી.ટી.ઠાકર, પ્રોફેસર, કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા ઘરડા કેમીકલ્સ, પાનોલીના સંયુકત નામે ભારતમાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

**(રસાયણશાસ્ત્ર)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સંશોધન અંગે ડો.બી.ટી.ઠાકરને યુનિવર્સિટી સિન્ડિકેટ તરફથી અભિનંદન પાઠવવામાં આવે છે.

વધુમાં, ડો.ઠાકરે પ્રસ્તુત પેટન્ટ માટેની આનુષંગિક વિગતો યુનિવર્સિટીને મોકલવી અને તે અંગે જરૂરી એગ્રીમેન્ટ/ખરડો તૈયાર કરી, તે યુનિવર્સિટી પાસેથી મંજૂર કરાવવો.

(૨૯) બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા.૨૭–૬–૨૦૦૩ના રોજ મળેલ સભાની કાર્યવાહીના ઠરાવ નં.૪ ઉપર વિચારણા કરવા બાબત.

એકસ્ટ્રમ્યુરલ બોર્ડના વિવિધ કાર્યક્રમો માટે રૂ.૫૦,૦૦૦/– નું બજેટ ફાળવવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકસ્ટ્રામ્યુરલ બોર્ડના વિવિધ કાર્યક્રમો માટે રૂ.૧,૦૦,૦૦૦/–નું બજેટ ફાળવવા સિન્ડિકેટને ભલામણ કરવી. **(યુવક કલ્યાણ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકસ્ટ્રામ્યુરલ બોર્ડના વિવિધ કાર્યક્રમો માટે રૂ.૧,૦૦,૦૦૦/– બજેટ મંજૂર કરવામાં આવે છે, તથા તે સંબંધિત જરૂરી વિગતો સાથે બજેટ રજૂ કરવું.

(૩૦) યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિકાસ ફંડ ફાળામાંથી યુનિવર્સિટી કેમ્પસ પર બાસ્કેટ બોલના બે સ્ટાન્ડર્ડ સિમેન્ટના કોટ બનાવવા સિન્ડિકેટે તેની તા.૧૭–૪–૦૩ની ભલામણ ક્રમાંક:૨૧ થી

રૂ.૫,૦૦,૦૦૦/– (રૂપિયા પાંચ લાખ) મંજૂર કર્યા હતા. પ્રસ્તુત રકમ બાસ્કેટ બોલના બે કોટ બનાવવા ઓછી હોય. રૂ.૬,૫૦,૦૦૦/– મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત. **(યુવક કલ્યાણ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિકાસ ફાળામાંથી કેમ્પસ પર બાસ્કેટ બોલ માટે સિમેન્ટના બે સ્ટાન્ડર્ડ કોટ બનાવવા રૂ.૫,૦૦,૦૦૦/– ની જગ્યાએ રૂ.૬,૫૦,૦૦૦/–ની મંજૂરી આપવી.

(૩૧) બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજ્યુકેશન અને રિક્રીએશનની તા.૩૦–૬–૨૦૦૩ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ નં. ૩, ૪, ૬, ૭ ઉપર વિચારણા કરવા બાબત. **(યુવક કલ્યાણ)**

:: ઉપરોક્ત બાબત આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

(૩૨) બોર્ડ ઓફ સ્પોર્ટસ ફીઝીકલ એજ્યુકેશન એન્ડ રીક્રીએશનની સને ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૧–૨૦૦૨ અને ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષ સુધીની ટર્મ પુરી થતા નવી બોર્ડ ઓફ સ્પોર્ટસ ફીઝીકલ એજ્યુકેશન એન્ડ રીક્રીએશનની બોર્ડની ત્રણ વર્ષની મુદત માટે સ્ટેટયૂટ–૧૭૬(એ) ૧, ૨, ૫, ૬ અને ૮ પ્રમાણેના સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત. **(યુવક કલ્યાણ)**

:: ઉપરોક્ત બાબત વિચારણામાંથી પાછી ખેંચી લેવામાં આવી છે.

(૩૩) બોર્ડ ઓફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝસની સને ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૧–૨૦૦૨ અને ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષ સુધીની ટર્મ પુરી થતા નવી બોર્ડ ઓફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝસ બોર્ડની ત્રણ વર્ષની મુદત માટે સ્ટેટયૂટ–૧૫૪(એ) ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ પ્રમાણેના સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત. **(યુવક કલ્યાણ)**

:: ઉપરોક્ત બાબત વિચારણામાંથી પાછી ખેંચી લેવામાં આવી છે.

(૩૪) સ્ટુડન્ટ વેલફેર બોર્ડની સને ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૧–૨૦૦૨ અને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષ સુધીની ટર્મ પુરી થતા નવી સ્ટુડન્ટ વેલફેર બોર્ડની ત્રણ વર્ષની મુદત માટે સ્ટેટયૂટ ૧૬૯(એ)૮ પ્રમાણેના સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત. **(યુવક કલ્યાણ)**

:: ઉપરોક્ત બાબત વિચારણામાંથી પાછી ખેંચી લેવામાં આવી છે.

(૩૫) વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ ધ્વારા રેમેડિયલ કોચીંગ માટે શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુરને સદર યોજના પેટે રૂ.૩,૦૦,૦૦૦/– ની પ્રથમ હપ્તાની ગ્રાટ ફાળવવામાં આવેલ જેની નોંધ લેવા માટે જે તે બાબત એસ.સી/એસ.ટી.સેલની સ્થાયી સમિતિમાં રજુ કરતા સદર બાબતની સહર્ષ નોંધ લઇ રેમેડિયલ કોચીંગ કલાસનું ઇવેલ્યુએશન થાય તે માટે કમિટિની રચના માટે ભલામણ કરવામાં આવી હતી. જેના અનુસંધાને સિન્ડિકેટે ઠરાવ્યા મુજબ નાયબ કુલસચિવ એસ.સી/એસ.ટી. ધ્વારા રજુ કરવામાં આવેલ પ્રાથમિક અહેવાલ વિચારણામાં લેવા બાબત.

**(એસસી./એસટી/સેલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે ઈવેલ્યુશન માટે રચાયેલ **<u>કમિટિના</u>** અહેવાલની નોંધ લેવી.

**<u>જાણ થવા સારૂ.</u>**

(૩૬) દશમી પંચવર્ષીય યોજના હેઠળ આપણી યુનિવર્સિટીને વિકાસ યોજનાઓ માટે કુલ રૂા.૪.૨૯ લાખ (ચાર કરોડ ઓગણત્રીસ લાખ) ફાળવ્યા અંગેની જાણ કરતા વિશ્વવિકાસ અનુદાન આયોગના તા.૧૩–૬–૨૦૦૩ ના ડી.ઓ ક્રમાંક:એફ.૨–૫/૨૦૦૨ (દશમો પ્લાન) ની જાણ થવા સારૂ.

**(યુજીસી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની જાણ લેવી.

(૩૭) યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટ એમ.એચ.આર.ડી.પાર્ટ–૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પ્રિયા રાજેન્દ્ર શર્માએ એપ્રિલ/મે ૨૦૦૨ની વાર્ષિક પરીક્ષામાં એક વિષય ઓર્ગેનાઈઝેશનલ ડેવલપમેન્ટ વિષયમાં નાપાસ થતાં વિદ્યાર્થીનીએ સદરહુ વિષયમાં રી–એસએસમેન્ટ કરાવતાં તેઓના માર્કસ વધતાં યુનિવર્સિટીની જોગવાઈ મુજબ લાગતાં ઓર્ડિનન્સ અંગે વિવાદ થતાં સદરહુ વિદ્યાર્થીનીએ નામદાર ગુજરાત હોઈકોર્ટમાં સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૮૫૦૮/૨૦૦૩ દાખલ કરી હતી. પ્રસ્તુત પીટીશનનો નામદાર હાઈકોર્ટ નિકાલ કર્યો છે. તેની જાણ થવા સારૂ. **(લીગલસેલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની જાણ લેવી.

(૩૮) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરફથી યુનિવર્સિટી કાર્યાલયને છ માસ કે તેથી વધુ સમય બાદ અહેવાલ ન મળવાના કારણે રદ કરેલ સ્થાનિક તપાસસમિતિ સભ્યોના બદલે નવા સભ્યોની નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

(૩૯) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરફથી હજી સુધી સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ યુનિવર્સિટી કાર્યાલયને મળયો નથી, તે અંગે વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

(૪૦) યુનિવર્સિટી સંલગ્ન સી.બી.પટેલ કોમ્પ્યુટર કોલેજ, ભરથાણામાં બી.સી.એ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પાંચમા સેમેસ્ટરમાં <u>ફકત–૪</u> વિદ્યાર્થીઓની સંખ્યા છે, અન્ય કોલેજમાં જવા માટે યુનિવર્સિટીની અનુમતી ( N.O.C. ) માંગી છે તથા આ વિદ્યાર્થીઓ બીજી અન્ય કોલેજમાં પ્રવેશ મેળવે તો ચાલુ શૈક્ષણિક વર્ષની એફિલિયેશન ફી માંથી મુકિત આપવા તેમના તા: ૯–૭–૨૦૦૩ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

(૪૧) સાઉથ ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, નવસારી દ્વારા સંચાલિત સાઉથ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસને શૈક્ષણિક વર્ષ: ૨૦૦૩–૨૦૦૪થી ડી.એમ.એલ.ટી. (પી.જી.) ની માન્યતા મેળવવા માટે પ્રસ્તુત ટ્રસ્ટના નિયામકશ્રીએ તેમના તા: ૨૯–૭–૨૦૦૩ થી કરેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

(૪૨) સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ એન્ડ રીસર્ચ, વાલિયાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના વહીવટી અધિકારીશ્રીએ તેમના તા: ૧૮–૭–૨૦૦૩ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

(૪૩) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે વેસ્ટઝોનની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની આગામી તા: ૧૬ અને ૧૭મી ઓકટોબર, ૨૦૦૩ ના રોજ યોજાનારી પરિષદના અંદાજીત ખર્ચ તથા આવક અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિએ તૈયાર કરેલ બજેટ પર વિચારણા કરી તેને બહાલી આપવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

(૪૪) કેમ્પસ ખાતેના વહીવટી મકાન પાસે પ્લાઝા અને પાર્કિંગ એરિયા બનાવવા અંગે વિચારણા કરવા બાબત. **(બાંધકામ)**

:: ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

(૪૫) યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં વપરાયેલી ઉત્તરવહીઓના (ફક્ત માવો બનાવવા માટે) વેચાણ અર્થે દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપી ટેન્ડરો મંગાવતા નિયત સમયમાં કુલ ૧૧ પાર્ટીઓના આવેલા ભાવોના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

:: ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

(૪૬) રમત–ગમતમાં વિશિષ્ટ સિધ્ધિ અને યોગ્યતા ધરાવતા સ્નાતક ખેલાડીઓને અનુસ્નાતક, સ્નાતકોત્તર વિગેરે વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવા સ્પોર્ટસ ક્વોટાની સીટ ફાળવવા અંગે વિચારણા કરવા મળેલી સભાના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત. **(યુવક કલ્યાણ)**

:: ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

(૪૭) યુનિવર્સિટીમાં કુલસચિવની જગા ભરવા માટે ઓર્ડિનન્સ–૩૭ હેઠળ રચવામાં આવેલ પસંદગી સમિતિની તા.૧૧–૭–૨૦૦૩ ના રોજ મળેલ સભાએ કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલસચિવની જગા માટે પસંદગી સમિતિએ સ્વીકારેલ ડૉ.વિપીનભાઈ ડી.નાયકની લાયકાતની વિગતો સ્ક્રુટીની સમિતિના સભ્યો પાસે મંગાવવી અને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

<u>જાણ સારુ.</u>

(૪૮) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરફથી યુનિવર્સિટી કાર્યાલયને છ માસ કે તેથી વધુ સમય થયો હોવા છતાં અહેવાલ ન મળવાના કારણે કુલપતિશ્રીએ રદ કરેલ સ્થાનિક તપાસસમિતિ અંગેના <u>કુલપતિશ્રીના પગલાંની જાણ થવા બાબત.</u> **(સિન્ડિકેટ)**

:: ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

(૪૯) વેસ્ટઝોન યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની ૨૦૦૩ માં મળનાર કોન્ફરન્સ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના આશ્રયે યોજવા માટે એસોસિયેશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી, નવી દિલ્હીના સેક્રેટરી જનરલના પત્રાંક: મીટ/ડબલ્યુ/ઝેડ/એમ/૦૩/૭૫૭૬, તા: ૨૧–૭–૦૩થી મળેલ વિનંતીપત્ર સાભાર સ્વીકાર્યાના <u>કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.</u> **(સિન્ડિકેટ)**

:: ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવામાં આવી છે.

**<u>અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ થઈ હતી.</u>**

(૫૦) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માં પ્રસ્તુત વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તા.૧૪–૮–૨૦૦૩ના પત્રમાં જણાવેલ નીચે પ્રમાણેની સૂચિત સત્ર વ્યવસ્થા પર વિચારણા કરવા બાબત.

**<u>કાનૂન વિદ્યાશાખાની સંલગ્ન કોલેજો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪</u>**

**<u>માટેની સૂચિત સત્ર વ્યવસ્થા</u>**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ સત્ર/સેમેસ્ટર | :– | તા.૧–૭–૨૦૦૩ | થી | તા.૩૧–૧૨–૨૦૦૩ |
| ૨. | દિવાળી વેકેશન | :– | તા.૨૦–૧૦–૨૦૦૩ | થી | તા.૯–૧૧–૨૦૦૩ |
| ૩. | બીજું સત્ર/સેમેસ્ટર | :– | તા.૧–૧–૨૦૦૪ | થી | તા.૧૦–૫–૨૦૦૪ |
| ૪. | ઉનાળુ વેકેશન | :– | તા.૧૧–૫–૨૦૦૪ | થી | તા.૩૦–૬–૨૦૦૪ |

સેમેસ્ટરની પરીક્ષાઓ ડીસેમ્બરના પ્રથમ અઠવાડિયા તથા મે ના પ્રથમ અઠવાડિયામાં લેવાનું ઠરાવવું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ની કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટે સેમેસ્ટર વ્યવસ્થા નીચે મુજબ રાખવી:

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ સત્ર/સેમેસ્ટર | :– | તા.૧–૭–૨૦૦૩ થી | તા.૩૧–૧૨–૨૦૦૩ |
| ૨. | દિવાળી વેકેશન | :– | તા.૨૦–૧૦–૨૦૦૩ થી | તા.૯–૧૧–૨૦૦૩ |
| ૩. | બીજું સત્ર/સેમેસ્ટર | :– | તા.૧–૧–૨૦૦૪ થી | તા.૧૦–૫–૨૦૦૪ |
| ૪. | ઉનાળું વેકેશન | :– | તા.૧૧–૫–૨૦૦૪ થી | તા.૩૦–૬–૨૦૦૪ |

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, સેમેસ્ટરની પરીક્ષાઓ ડીસેમ્બરના પ્રથમ અઠવાડિયા તથા મે ના પ્રથમ અઠવાડિયામાં લેવાનું રાખવું.

(૫૧) એપ્રિલ/મે– ૨૦૦૨માં લેવાયેલ એમ.એચ.આર.ડી. પાર્ટ–૨ ની પરીક્ષાર્થી કુ. પ્રિયા શર્માની બાબતમાં સિન્ડિકેટ સભ્ય શ્રી નૈષધભાઈ બી દેસાઈના તા. ૧૧–૮–૨૦૦૩ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભ્ય શ્રી નૈષધ બી.દેસાઈના તા. ૧૧–૮–૨૦૦૩ના પત્રમાં કરેલ રજૂઆત ધ્યાનમાં લેતાં પરીક્ષાર્થીને યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૧૪૮નો લાભ આપી પરિણામ જાહેર કરવું.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા: ...–૯–૨૦૦૩
ક્રમાંક : એસ–૧(૧)/
પ્રતિ,
સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............

**ઈ.ચા.કુલસચિવ**
તા: ...–૯–૨૦૦૩

Seen / Approved

V.C.